છૂટક નકલ : રૂ. ૧૫-૦૦ વાર્ષિક લવાજમ : રૂ. ૫૦-૦૦

## ૧. સંપાદકીય

''જીવન કરતાં અધિક કોઈ સંપત્તિ નથી.'' — જ્હોન રસ્કિન.

"Understand that love really is what we need. When we love ourselves, our planet and one another, when we do the things that increase our ability to love and encourage others to do the same, everything works." – John Perkins.

કોરોના સંક્રમણના આ કપરા કાળમાં કોવિડ, ઑક્સિજન, રેમડેસીવર, વેન્ટિલેટર, ફંગસ વગેરેમાંથી બહાર નીકળી બીજું કંઈ વિચારવું મુશ્કેલ છે. પ્રવર્તમાન પરિસ્થિતિને જોતાં સ્વ. ભૂપેન હજારિકાની કવિતા સતત યાદ આવે છે : ''વિસ્તાર હૈ અપાર, પ્રજા દોનો પાર, કરે હાહાકાર, નિઃશબ્દ ભાવમેં બહેતી હો ક્યું ? ઓ ગંગા તુમ બહેતી હો ક્યું ?'' ગંગા એટલે મારે મન સચરાચર, પ્રકૃતિ. ચારેબાજુના આ હાહાકાર વચ્ચે એ નિઃશબ્દ છે એમ કામ કર્યા કરે છે પણ હાહાકાર તો ત્યાંનો ત્યાં જ છે.

પણ આજે વાત કોરોનાની નથી કરવી. પણ કોરોના જેટલી જ વિકટ અને આપણને ખાઈ જનારી બીજી બીમારી એ ગરીબી અને અસમાનતા. હમણાં જ Forbes અને Oxfam ના હેવાલો આવ્યા. Forbes દર વર્ષે દુનિયાના અબજોપતિની સંખ્યા અને એમની માલિકીની સંપત્તિ પર હેવાલ બહાર પાડે છે. એ હેવાલ પ્રમાણે વિશ્વમાં આજે કુલ ૨૭૦૦ અબજોપતિઓ છે અને તે ૧૩.૯ ટ્રિલિયન ડૉલરની સંપત્તિ ધરાવે છે. વિશ્વની કુલ સંપત્તિ ૩૬.૩ ટ્રિલિયન ડૉલર અંદાજવામાં આવી છે. એ હિસાબે ૩૦ ટકા જેટલી સંપત્તિ માત્ર ૨૭૦૦ લોકો ધરાવે છે. વિશ્વની કુલ વસતિ ૭.૯ અબજની છે. એટલે કે સમગ્ર વસતિનો આ એકદમ નગણ્ય ભાગ એ સંપત્તિના મોટા ભાગ પર માલિકી ધરાવે છે.



દુનિયાભરમા બધા દેશોમાં મહામારી સામેની લડતથી અર્થતંત્રને નુકસાન થયું છે, પણ અબજોપતિ અને કરોડપતિની સંખ્યા વધી છે. અબજોપતિની સંપત્તિમાં એક જ વર્ષમાં ૫૫ ટકાનો વધારો થયો છે. છેલ્લાં થોડાં વર્ષનો ઈતિહાસ જુઓ તો આ નાનકડા જૂથની સંપત્તિ વર્ષોવર્ષ વધતા દરે વધી છે. એ લોકોની દુનિયા અલગ છે. આપણે જ્યાં એક અમેરિકી ડૉલર વાપરીએ ત્યાં એ ૧,૩૪,૬૦૧ અમેરિકી ડૉલર વાપરે. ૨૭૦૦ કુલ અબજોપતિમાંથી માત્ર ઉપરના ૧૦૦ જણની સંપત્તિ લો. આખી દુનિયાની ગરીબી ૪ વાર નિર્મૂળ કરી શકાય એટલી ૧૦૦ જણ પાસે તાકાત છે. ટૉચના ૧૦ જ જણની સંપત્તિથી દુનિયામાં બધા માટે વૅક્સિન ખરીદી શકાય. અમેરિકાના માત્ર ૬૧ જ અબજોપતિઓ પાસે ૪.૬૫ ટ્રિલિયન અમેરિકી ડોલરની સંપત્તિ છે. લગભગ બધા જ દેશોમાં અબજોપતિઓનો રાષ્ટ્રીય આવકમાં હિસ્સો વધ્યો છે. પણ આમાંની બહુ ઓછી સંપત્તિ જનહિતાર્થે વપરાઈ છે. ૨૦૧૮ના હેવાલ પ્રમાણે આપણે એ સ્થિતિ પર પહોંચ્યા છીએ કે પહેલા ૨૬ ધનિકોની સંપત્તિ એ નીચલા ૫૦% લોકોની સંપત્તિ (એટલે કે ૩.૯૫ બિલિયન લોકો) જેટલી જ છે. ભારતમાં પહેલા ૯ ધાર્મિકોની સંપત્તિ નીચલા ૫૦ ટકા લોકો (૬૯ કરોડ લોક) કરતા વધારે છે. સંપત્તિના આ કેન્દ્રીકરણને આપણે ઊજવીએ છીએ. પણ એ આશાએ કે તેના લાભ આપણને મળશે. Oxfamના કાર્યવાહક નિયામક (ED) કહે છે, "Billionaire booms is not a sign of a striving economy but a symptom of failing economic systems આ નિષ્ફળતાની અસર તો પિરામિડની નીચે જે લોકો છે એમને થાય છે.

સવાલ એ છે કે વિશ્વ શું આટલી મોટી અસમાનતા સહન કરી શકે એમ છે ? આ અસમાનતાનો ખતરો બધા સમજે છે. ૧૩૮ કરોડનો આપણો દેશ એ માત્ર ૫ ટ્રિલિયનનું અર્થતંત્ર બનાવવાનું સપનું જુએ છે. બધાની સમક્ષ અમેરિકા-યુરોપની સંપત્તિ અને આર્થિક સમૃદ્ધિ છે અને એવું અર્થતંત્ર બનાવવાનું સપનું છે. પણ વિચાર કરો અમેરિકા એની ૪ ટકા વસતિ સાથે વિશ્વના ૨૫ ટકા કરતાં વધારે સંસાધનો વાપરતું હોય, તો આપણા જેવા દેશો (૧૭ ટકા વિશ્વની વસતિ ધરાવતા) કઈ રીતે અમેરિકાની એ સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકશે ? અસંભવ સંભાવના છે. નક્કી એ કરવાનું છે કે આપણે એની પાછળ કેટલું દોડવું છે, ૧૦૦૦ વર્ષ ૫૦૦૦ વર્ષ ?

**(અનુસંધાન પૃ.૨૬ પર...)**

સંપાદક : **મંદા પરીખ**

**'ભારતીય સમુદાય શિક્ષણ સંઘ' સંચાલિત**

# યાત્રાપથ

● પ્રકાશક ●

**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**

'યાત્રાપથ' દર જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબરની ૧૫ તારીખે રવાના કરાય છે. તા. ૨૦ સુધીમાં જો અંક ન મળે તો કાર્યાલયના સરનામે જાણ કરશો.

● કાર્યાલય ●

**ભારતીય સમુદાય શિક્ષણ સંઘ**

**સમુદાય શિક્ષણ ભવન**

ઑફ આશ્રમરોડ,
નવજીવન પ્રેસ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૪
ફોન : ૦૭૯-૨૭૫૪૩૧૭૪
Email : iscehouse@gmail.com
Website : http://iscecommunity.org
Facebook : iscehouse@gmail.com

**વાચકોને : આપના પ્રતિભાવો અને કાર્યક્રમોની વિગતો જો મોકલશો, તો આભારી થઈશું.**

મુદ્રક :
**અર્થ કમ્પ્યૂટર**
૨૦૩, મૌર્ય કોમ્પ્લેક્સ,
સી. યુ. શાહ કૉલેજ પાસે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪
મો. ૯૩૨૭૦૩૬૪૧૪

Subject to Ahmedabad Jurisdiction

## ક્રમની કેડીએ...

| *ક્રમ* | *વિષય* | *પૃષ્ઠ* |
|---|---|---|
| ૧. | સંપાદકીય | ૦૧ |
| ૨. | નિરંતર શિક્ષણનો સામુદાયિક અભિગમ | ૦૪ |
| ૩. | કોવિડ-૧૯ કોરોના સંક્રમણમાં યુવાનોની ભૂમિકા | ૦૭ |
| ૪. | પ્રવૃત્તિ સરિતા | ૧૪ |
| ૪.૧ | સ્વ હરિતભાઈ પરીખને શ્રદ્ધાંજલિ | ૧૪ |
| ૪.૨ | સંસ્થાના કાર્યકરોએ કરેલ વર્ક ફ્રોમ હોમ | ૧૫ |
| ૪.૩ | નવોદિત કવિઓની ગાંધીજી પર કવિતા | ૧૫ |
| ૪.૪ | વ્યસનમુક્તિ કાર્યક્રમ | ૧૯ |
| ૫. | સમુદાય શિક્ષણમાં અવનવું | ૨૦ |
| ૫.૧ | શિક્ષણથી લિંગ સમાનતા તરફ | ૨૦ |
| ૫.૨ | આંતરરાષ્ટ્રીય સેમિનાર | ૨૦ |
| ૬. | પુસ્તક પરિચય | ૨૨ |
| ૭. | આગામી કાર્યક્રમો | ૨૫ |
| ૭.૧ | ધ્યજવંદન | ૨૫ |
| ૭.૨ | સ્વતંત્રતાની લડતના જ્ઞાનને ચકાસીએ | ૨૫ |
| ૭.૩ | ધોરણ ૧૦-૧૨ માટે જાહેર કરાયેલ માસ પ્રમોશન બાબતે વિદ્યાર્થીઓના પ્રતિભવો | ૨૫ |

- Gandhi holds the key to human progress.
  – Nelson Mandela
- Man is an object of infinite worth.
  – Frances yeros



# ૨. નિરંતર શિક્ષણનો સામુદાયિક અભિગમ

**- પ્રા. રામલાલ પરીખ**

શિક્ષણ એ એવો વિષય છે, જે વ્યાપક છે અને જે સતત વિસ્તરતા અનેક આયામો ધરાવે છે. નિરંતર શિક્ષણ એ શિક્ષણનો આવો જ એક નવો આયામ છે. એના બિનઔપચારિક ઢાંચાને લીધે શિક્ષણના નવા નવા આયામો અને અભિગમોનો એમાં સમાવેશ કરવાનું ઔપચારિક શિક્ષણ કરતા વધારે સહજ છે. ઔપચારિક શિક્ષણ બધાને જોડનાર, સંવાદિતા સર્જનાર હોવાને બદલે વિભાજન કરવાવાળું, સમાજને ખંડિત કરવાવાળું બની ગયું છે. નિરંતર શિક્ષણ માટે એ એક નવી પ્રક્રિયા વિકસાવવી જોઈએ જે ઔપચારિક શિક્ષણ કરતાં બિલકુલ ભિન્ન હોય. હું નિરંતર શિક્ષણને માત્ર માહિતી કે કૌશલ્ય આપવાના માધ્યમ તરીકે નહિ, પણ જ્ઞાન અને જીવનને જોડનારી પ્રક્રિયા તરીકે કે ઔપચારિક શિક્ષણ દ્વારા અને વ્યક્તિગત જીવનની સમતુલા ખોરવાઈ છે. તેને પુનઃપ્રાપ્ત કરવાની પ્રક્રિયા તરીકે જોઉં છું. એ બધાને ખબર છે કે ઔપચારિક શિક્ષણે સામાજિક અસમાનતાઓ ઊભી કરવામાં મોટો ફાળો આપ્યો છે. સમાજને એવા શિક્ષણની જરૂર છે જે આ સામાજિક અસમાનતાઓને દૂર કરી શકે. નિરંતર શિક્ષણ આથી જ સામુદાયિક પરિપ્રેક્ષ્યમાં વિકસાવવું જોઈએ.

નવા સમાજ કયા અભિગમો પર આધારિત છે ? શા માટે શિક્ષણના માધ્યમથી આપણે નવો સમાજ રચવા માંગીએ છીએ ? હાલનું શિક્ષણ ઔદ્યોગિક સમાજની સેવા કરે છે અને એને ટકાવવા / વિકસાવવા મથે છે. ઔદ્યોગિક શિક્ષણ એક Feederની ભૂમિકા ભજવીને સંતોષ માને છે. પણ ઔદ્યોગિક સમાજની વ્યાપક મર્યાદાઓએ શિક્ષણના પાયાને / મૂળને હચમચાવી દીધાં છે. આપણે ૨૦મી સદી તરફ જેમ આગળ વધતા જઈએ છીએ તેમ એ સમજાતું જાય છે કે ઔદ્યોગિક સમાજ દ્વારા જે આધુનિક સમાજ ઊભો થયો હતો તે હવે કેન્દ્રીકરણ અને યંત્રીકરણના ભારે તૂટી જવાની તૈયારીમાં છે. આપણે માની શકીએ એના કરતાં જલદી આ થશે. ટોલસ્ટોય અને રસ્કિને આપણને ચેતવ્યા હતા. મહાત્મા ગાંધીને આ દીવા જેવું સ્પષ્ટ દેખાતું હતું. એરિક ફ્રોમ, ગુન્નાર મિર્ડલ, શુમાખર, ઈવાન ઈલીચ વગેરેએ ઔદ્યોગિક સમાજની મર્યાદાઓ સ્પષ્ટપણે આલેખી છે. નિરંતર શિક્ષણે એનું કાર્યક્ષેત્ર આ આધારે નક્કી કરવાનું છે અને જાતે જ નક્કી કરવાનું છે કે એ catalystની

A Community Approach in Continuing Educationનો ગુજરાતી અનુવાદ

ભૂમિકા ભજવી શકે એમ છે કે નહિ અને લોકોને અનુઆધુનિક યુગમાં કે એરિક ફ્રોમના શબ્દોમાં sane society માટે તૈયાર કરી શકશે કે કેમ ? શિક્ષણ એ આગળ જોવાની પ્રક્રિયા જ હોઈ શકે. એ સમયની પાર જોઈ શકતું હોવું જોઈએ, જેથી નવા અનુઆધુનિક યુગમાં જવા માટેનું વાતાવરણ સર્જી શકે, માર્ગ કંડારી શકે. નિરંતર શિક્ષણ આ માટે સૌથી અનુકૂળ પ્રક્રિયા છે.

નિરંતર શિક્ષણનું કામ સ્વનિર્ભર સમુદાયો બનાવવાનું છે. ઊર્જાની કટોકટી, ઘટતા જતા કુદરતી સંસાધનો, પ્રદૂષણ, ઈકૉલૉજિકલ અસમતુલા વગેરે એ આત્મનિર્ભરતા અને વિકેન્દ્રીકરણની જરૂરિયાત વધારી છે. એણે multitasking માણસની અગત્ય કોઈ એક જ વિશેષ કૌશલ્યવાળા માનવ કરતા વધારી છે. હવે એ સ્પષ્ટ થતું જાય છે કે મોટા ભાગના લોકોએ પોતાની પાયાની જરૂરિયાતો સ્થાનિક રીતે સંતોષવાનું શીખવું પડશે. એટલે કે સહુના સહકારી પ્રયાસોથી પાયાની જરૂરિયાત માટેની વસ્તુઓ અને સેવાઓ, જેમાં ઊર્જાનો પણ સમાવેશ થાય છે. તે ઉત્પાદિત કરવી પડશે. બાયૉગૅસ, કુદરતી સંભાળ, નકામી વસ્તુઓનું recyclin વગેરે જ્ઞાનના નવા ક્ષેત્રો છે. જેના આધારે લોકો સ્વનિર્ભર થઈ શકશે.

નિરંતર શિક્ષણ એ ઔપચારિક શિક્ષણનું વિસ્તરણ ન બનવું જોઈએ, પણ એ જીવનને નિરંતરતા બક્ષવાનું માધ્યમ હોવું જોઈએ. આવી શિક્ષણની પ્રક્રિયા કોઈ એક સમુદાય માટે મર્યાદિત ન કરી શકાય. મહાત્મા ગાંધીનો ‘ગર્ભથી કબર' સુધીના શિક્ષણનો ખ્યાલ આ સંદર્ભમાં પ્રસ્તુત છે. આ માટે સામુદાયિક અભિગમની જરૂર છે. વ્યક્તિગત ક્ષમતામાં વધારો કરવા કરતાં એક સહકારી સમાજ ઊભો કરવો વધારે જરૂરી છે. નિરંતર શિક્ષણ એ માત્ર વિસ્તરણ નથી, એ એનાથી ઘણો ઊંડો અને વ્યાપક અભિગમ છે. એ જીવનકેન્દ્રી હોવું જોઈએ અને સ્વનિર્ભર સમુદાયો ઊભા કરવામાં મદદરૂપ હોવું જોઈએ. નિરંતર શિક્ષણના ક્ષેત્રે કામ કરનાર એજન્સીએ પહેલા તો યોગ્ય કદના સમુદાયને ઓળખવાનો છે. આ એક માનવ પ્રયોગશાળા તરીકે જોવાવી જોઈએ. જેમ વિજ્ઞાન કેન્દ્ર ભણનારા માટે પ્રયોગશાળા હોય છે તેમ ઓળખેલા સમુદાયને શાળા/કૉલેજોએ લાંબાગાળા માટે adopt કરી એક સર્વગામી નિરંતર શિક્ષણનો અભ્યાસક્રમ બનાવવો જોઈએ. આ સમુદાય શિક્ષણની જરૂરિયાતોને જાણવા ઓળખેલા સમુદાયનો એક સર્વે કરવો જોઈએ, જેમાં ઉદાહરણ રૂપે નીચેના ક્ષેત્રોને આવરી શકાય.

૧. બાલવાડી  ૨. વિધેયાત્મક સાક્ષરતા  ૩. અનુસાક્ષરતા
૪. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની ગુણવત્તામાં વધારો કરતા કાર્યક્રમો
૫. સ્વનિર્ભર જીવન માટે જરૂરી ટૅક્નૉલૉજી અને know-how



૬. હકો અને ફરજો વિશેનું કાયદાકીય જ્ઞાન
૭. સંસ્કૃતિને સમૃદ્ધ કરતું જ્ઞાન
૮. વ્યાવસાયિક કૌશલ્યો
૯. સામાજિક બંધનોને દૂર કરવા
૧૦. સેનિટેશન અને જાહેર આરોગ્ય

આ માટે એક સુગ્રથિત કાર્યક્રમ તૈયાર કરવો પડે, જેમાં જે તે સમુદાય પર થતી અસરનું મૂલ્યાંકન એ કાર્યક્રમનો અંતર્ગત ભાગ હોવો જોઈએ. સમુદાયોને સમગ્ર રીતે જોવા જોઈએ, આંશિક રીતે નહીં. ભૌગોલિક રીતે એકબીજાની નજીક હોય એવા સમુદાયો સાથે કામ કરવાનું કદાચ વધારે અનુકૂળ રહે. નિરંતર શિક્ષણ અને ઔપચારિક શિક્ષણને એકબીજા સાથે જોડવામાં પણ સરળતા રહે. આમ કરવાથી ઔપચારિક શિક્ષણ વ્યવસ્થા લોકો સાથે જોડાયેલી રહેશે અને ઔપચારિક શિક્ષણ વધારે ગતિશીલ બનશે.

સમુદાય સ્થળ આધારિત, સંસ્કૃતિ આધારિત, વ્યવસાય આધારિત હોઈ શકે. મૂળ વાત ઔપચારિક શિક્ષણને નિરંતર શિક્ષણ સાથે એવી મજબૂતીથી જોડવાનું છે કે જેથી એ બે વચ્ચે સતત આદાન-પ્રદાન રહે.

જો ઔપચારિક શિક્ષણ વ્યવસ્થાના બધા વિભાગો પોતાના સમયનો ૨૦ ટકા સમય નિરંતર શિક્ષણ માટે ફાળવવા તૈયાર થાય અને વિજ્ઞાન વિદ્યાશાખામાં જેમ પ્રાયોગિક કાર્ય અભ્યાસનો અંતર્ગત ભાગ છે તે રીતે નિરંતર શિક્ષણને સ્વીકારવા તૈયાર થાય તો નિરંતર શિક્ષણને અભ્યાસક્રમ સાથે જોડવું સરળ થઈ જાય.

અંતમાં, નિરંતર શિક્ષણના સામુદાયિક અભિગમમાં ચાર મહત્ત્વની બાબતો છે.

૧. વિદ્યાર્થી શાળામાં ભણવા આવે એ કરતાં શાળા વિદ્યાર્થી પાસે જાય એ વધુ ઈચ્છનીય છે, જેમ કે ખેડૂતોને જરૂરી શિક્ષણ એમના ખેતરમાં જઈને આપવું.
૨. શીખવતા સમાજને બદલે શીખતા સમાજ તરફ જઈએ અને કામના અનુભવમાંથી શીખતા શીખવીએ.
૩. સમાજ એ પોતે જ્ઞાન અને માહિતીનો સ્રોત છે એમ સમજી શિક્ષણમાં સંવાદને સ્થાન આપવું.
૪. કોઈ પણ શિક્ષણ, કોઈ પણ સ્તરે, હૃદય, મસ્તક અને હાથને કેળવણી આપવા સક્ષમ હોવું જોઈએ.

આ રીતે નિરંતર શિક્ષણ વંચિત સમુદાય માટે સામુદાયિક શિક્ષણના કેન્દ્રો, પ્રકલ્પો ઊભા કરશે. ●

## ૩. કોવિડ-૧૯ – કોરોના સંક્રમણમાં યુવાનોની ભૂમિકા

**– પ્રો. મનોજ પરમાર**
**અધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ**

**ભૂમિકા :**

સમગ્ર વિશ્વમાં સમયાંતરે વિભિન્ન પ્રકારની આપત્તિઓ સર્જાય છે. આ આપત્તિ માનવસર્જિત અને કુદરત સર્જિત એમ બંને પ્રકારની હોય છે. આપત્તિમાંથી મનુષ્યનો બહાર નીકળવા માટેનો ઇતિહાસ તપાસીએ તો જાણવા મળે છે કે માનવી અન્ય જીવ સૃષ્ટિની સરખામણી પોતાને બચાવવા કે ટકાવવા માટે અનેક પ્રકારના ઉપાયો, ઉપકરણો અજમાવે છે, જેના કારણે અન્ય પ્રાણી સૃષ્ટિની સરખામણી માનવી વધુ સારા વ્યવસ્થાતંત્રો વિકસાવે છે અને પોતાની સુરક્ષાને વધારે છે, પરંતુ માનવી જ્યારે કુદરતી આપત્તિઓની સાથે માનવસર્જિત આપત્તિઓને ભેળવી દે છે, ત્યારે સમગ્ર માનવજાતે તેના માઠાં પરિણામો ભોગવવાં પડે છે. કોવિડ-૧૯ કોરોના એ તેનું ઉદાહરણ છે. કોવિડ-૧૯ કોરોના એ કુદરતી અને માનવસર્જિત આપત્તિ છે. આ કોવિડ-૧૯ની સૌથી મોટી અસર યુવાવસ્થાની વ્યક્તિઓ ઉપર થઈ છે. યુવાનો પોતાની યુવાવસ્થાનો મહત્ત્વપૂર્ણ સમયગાળો કોવિડ-૧૯ કોરોનાના સંક્રમણમાં પસાર કરી રહ્યા છે. કોરોનાને કારણે ઊભી થયેલી સ્થિતિમાં યુવાનો શું કરી શકે ? તેની શું ભૂમિકા હોઈ શકે તેને સમજવાનો પ્રયાસ કરીશું.

**યુવાન કોણ છે ? શું છે ?**

યુવાન એવું બોલીએ તો તરત કેવી અનુભૂતિ થાય છે ? થનગનાટ, જોમ-જુસ્સો, સાહસ, ઊર્જાસભર, રાષ્ટ્રીય કવિ ઝવેરચંદ મેઘાણી (‘તરુણોનું મનોરાજ્ય’ (૧૯૨૯); પાના ૬૭) યુવાન એટલે ‘ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ; અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ; જેવા શબ્દો દ્વારા યુવાવસ્થાને વર્ણવે છે. યુવાન એટલે - તેજસ્વિતા, તપસ્વિતા, તત્પરતા. શ્રી માતાજી (‘કેળવણી’ પૃષ્ઠ ૧૪૮-૧૭૮) ‘‘વિકાસ અને પ્રગતિ માટેની શક્તિ જેમાં હોય, ભાવિમાં જીવતા હોય. જે બનવું હોય તેવા થવા માટે, જેવા હોઈએ તેનો ત્યાગ કરવા તૈયાર થાયે તે, કોઈ પણ વસ્તુ સુધારી શકાય એમ નથી એવી માન્યતાનો અસ્વીકાર કરે તે યુવાન છે.’’ **મૂળશંકર ભટ્ટ (જીવનયોગ જાન્યુ-૮૩)** ‘‘જેનું હૃદય ગરમ હોય અને મગજ ઠંડું હોય, મસ્તક આકાશ



તરફ અને પગ ધરતી પર હોય તે એટલે યુવાન’’ **જે. કૃષ્ણમૂર્તિ (શિક્ષણ અને જીવન રહસ્ય)** ‘‘જે વ્યક્તિ આશા અને અસંતોષથી ભરેલા છે તે યુવાન છે.’’ **સ્વામી સચ્ચિદાનંદ (સંસાર-રામાયણ, પૃષ્ઠ ૧૧૯-૧૨૦)** ‘‘જે વ્યક્તિમાં સાહસ અને સંયમ બંને છે, તે વ્યક્તિ યુવાન છે.’’ **મુનિશ્રી જિતચંદ્રવિજયજી (‘ચાલો આત્મનિરીક્ષણ કરીએ’ પૃષ્ઠ ૩૬-૩૯)** ‘‘જે પવિત્ર, ઉન્નત, જીવન જીવનારો, શક્તિશાળી, વિનયી, વિવેકી, પુરુષાર્થશીલ હોય તે યુવાન છે.’’ **બબલભાઈ મહેતા (બબલભાઈની ડાયરી (અપ્રગટ)** વિસાપુર જેલ. તા. ૧૨-૧-૧૯૩૪) ‘‘જે વ્યક્તિ નિરાધાર, નિઃસહાય ન હોય અને જેનામાં સ્વમાન હોય તે વ્યક્તિ યુવાન છે.’’ **રજનીશ ઓશોના મતે** યુવાન એટલે શોધક, યુવાન હોવું એટલે અમૃત સાથે સંબંધનો રસ્તો, યુવા હોવું એટલે આત્માની શોધ છે. યુવા હોવું પરમાત્માના મંદિરમાં પ્રાર્થના છે. યુવા મનની કેટલીક લાક્ષણિકતાઓ **(સ્વામી આનંદવૈરાગ્ય, પૃષ્ઠ ૧૫૩)** યુવાવસ્થાનો માનવ મનની પાછળ ભાગતો નથી, પરંતુ આગળ તરફ જુએ છે. યુવાવાસ્થાનો માનવ સ્મૃતિઓમાં સમય પસાર કરતો નથી, પરંતુ પોતાની શક્તિને યોજના બનાવવામાં કામે લગાડે છે. યુવાવસ્થાનો માનવ સ્વર્ગની, મોક્ષની, પરલોકની વિશે વિચારતો નથી, પરંતુ સ્મૃતિઓને બદલવાનો વિચાર કરે છે. યુવાન હોવું એટલે ચોવીસ કલાક ખતરામાં જીવવું, ઘરડા હોવું એટલે સુરક્ષામાં જીવવું. યુવાચિત્ત ખતરામાં જીવવાનું નામ છે, વૃદ્ધ ચિત્ત જૂની પ્રથાઓ પર ચાલવાનું ચિત્ત છે. નારાયણ દેસાઈ કહે છે કે, ‘‘યુવાની એટલે શ્રેય અને પ્રેયનો રસ્તો નક્કી કરવાની ઉંમર.’’

**યુવાન વ્યક્તિઓ શું ઇચ્છે છે ?**

યુવાન વ્યક્તિ વિવિધ કાર્ય પ્રવૃત્તિમાં સામેલ થવા ઇચ્છે છે, તેઓ તેમના મિત્રોને મળવાનું ઇચ્છે છે, નવા સંબંધો સ્થાપિત કરવા માંગે છે, આનંદ-પ્રમોદ કરવા માંગે છે. પોતાની કારકિર્દી બનાવવા માંગે છે, તેઓ ગંતવ્ય ઇચ્છે છે, પોતાની માન્યતાઓ અને મૂલ્યો પ્રસ્થાપિત કરવા માગે છે, પોતાની ક્ષિતિજનો વિસ્તાર કરવા માગે છે, સામાજિક પ્રતિબદ્ધતા સાબિત કરવા માગે છે, પોતાની આજુબાજુના વિશ્વને જવાબ આપવા માગે છે તેમની સર્જનાત્મકતા સાબિત કરવા માંગે છે, દમનકારી વિચારો અને પડકારોનો સામનો કરવા માગે છે, નવા સહાયક જૂથ બનાવવા, નવા નેટવર્ક વિકસાવવા માંગે છે, નવા સાથીદારોની શોધ કરવા માટે સંબંધોનું વર્તુળ વિસ્તાર કરવાની ઝંખના

સેવે છે. સામાજિક, શૈક્ષણિક અને વ્યક્તિગત વિકાસ કરવા માગે છે. પોતાનો અવાજ બુલંદ કરવા અને પોતાના પર્યાવરણમાં પોતાની ઓળખ ઊભી કરવા કે પોતાની અસર ઊભી કરવા માગે છે, પોતાની પહોંચનો વિસ્તાર કરવા માગે છે અને આવું યુવાનો કેટકેટલું કરવા ઇચ્છે છે. યુવાનોની આવી ઝંખનાની સામે કોવિડ-૧૯ આવી ગયો છે, જેના કારણે યુવાનોને પોતાના મિત્રોને મળવાનું બંધ કરવું પડ્યું છે. નવા સંબંધો વિકસાવવાનું બંધ થયું છે. વિજાતીય સ્પર્શ અટકી ગયો છે. કૉલેજ યુનિ.ના કેમ્પસમાં જવાનું બંધ થઈ ગયું છે. તેને નવા અનુભવ કરવા માટેના પ્રયોગો અને રમતો બંધ થઈ ગઈ છે. તો શું યુવાનો કશુંક કરી શકે ખરા ? યુવાનો એ સંભાવનાથી ભરેલા છે. તેથી જો યોગ્ય દિશા માર્ગદર્શન મળે તો તે જરૂર સમાજને વધુ ઉન્નત કરવામાં સફળ થઈ શકે છે.

**યુવાન-વ્યક્તિઓ કોવિડ-૧૯ કોરોના સંક્રમણમાં કેવી ભૂમિકા ભજવી શકે ?**

વર્તમાન સમયગાળામાં કોરોનાએ યુવાનોના સ્વપ્નાઓ ઉપર પાણી ફેરવી દીધું હોય તેમ અનુભવી રહ્યા છે. ગાંધી કહેતા કે ‘‘જે દેશની પ્રજાનો યુવાવર્ગ મર્યાદા, વિવેક, નમ્રતા, સહિષ્ણુતા ગુમાવે તે પ્રજા વિનાશ પામે છે.’’ આજની સ્થિતિમાં આપણે એવું કહી શકીએ કે, ‘‘જે દેશની પ્રજાનો યુવા વર્ગ આવી કુદરતી અને માનવસર્જિત આપત્તિમાં પોતાની સામાજિક પ્રતિબદ્ધતા અને મદદ માટેની સંવેદના ગુમાવે છે તે પ્રજા વિનાશ પામે છે.’’ સમગ્ર વિશ્વમાંથી યુવાવર્ગના એવા સમાચારો આવી રહ્યા છે કે કોરોના સંક્રમણના સમયગાળા યુવાનો પોતાની સામાજિક પ્રતિબદ્ધતા સાબિત કરી રહ્યા છે. મેડિકલ અને પેરામેડિકલ તથા સામાજિક સેવાના ક્ષેત્રોમાં કાર્યરત અનેક યુવાનોએ વ્યાવસાયિક સેવા અને સંવેદનાનાં ઉદાહરણો પૂરાં પાડ્યાં છે. માનવજાત જે સમસ્યાનો સામનો કરી રહી છે તેમાં યુવાનો સ્થાનિક સ્તરે, સામુદાયિક સ્તરે, પ્રાદેશિક સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે પોતાની સૂઝ, શક્તિ, સામર્થ્ય, સંવેદના દ્વારા માનવ જીવનમાં સર્જાયેલી સ્થિતિમાં પરિવર્તન લાવી શકે છે. સામાન્ય રીતે વ્યાવસાયિક સેવાઓ આપવા માટેનું આયોજન કરવા માટે સેવાઓનું વર્ગીકરણ પણ કરી શકાય છે, તે મુજબ કેવી કેવી સેવાઓમાં યુવાનો પોતાનો સમય, શક્તિ સાથે સમાજને સમર્પિત થઈને સેવાઓ માટેનાં પગલાં ભરી શકે તે નીચે મુજબ છે :



**કોવિડ-૧૯ કોરોનાની સ્થિતિમાં યુવાન-વ્યક્તિ તરીકે નીચેનાં પગલાંઓ ભરી શકાય :**

કોરોનાગ્રસ્ત વ્યક્તિને અને તેના પરિવારને મદદ આપવા માટે સૌથી અગત્યની બાબત યુવાન-વ્યક્તિએ કોરોના અંગેની સાચી વૈજ્ઞાનિક સમજણ કેળવી લેવી જોઈએ અને પોતાના આચરણ મારફતે અન્યની ગેરસમજણ દૂર કરવાનાં કાર્યો કરી શકાય છે. આજકાલ સામાજિક ઇલેક્ટ્રોનિક સંચાર માધ્યમો દ્વારા જે માહિતીનો ફેલાવો થઈ રહ્યો છે. તેમાં ધ્યાન આપવાને બદલે તેની સાચી માહિતી આપનારી એજન્સીઓ વિશ્વ આરોગ્ય સંસ્થા મારફતે અને ભારત સરકાર તથા રાજ્યોની સરકારના આરોગ્ય વિભાગ દ્વારા પ્રસિદ્ધ થતી માહિતીનું વાંચન અને સમજણ કેળવવી જરૂરી છે. યુવાન-વ્યક્તિ પોતે કોરોનાગ્રસ્ત ન બને તેના માટે જરૂરી તકેદારી રાખે અને સાચી વૈજ્ઞાનિક માહિતીથી માહિતગાર બને અને પોતાની શક્તિ, સેવાઓ સમાજને પ્રદાન કરે.

**ઉપચારાત્મક કે સારવારલક્ષી સેવાઓ (Curative Services)**

- કોરોના એક એવી મહામારી છે કે તેનો ઉપચાર આપણી પરંપરાગત માન્યતાઓ મુજબ શક્ય નથી. તેથી તેના માટે સમગ્ર વિશ્વમાં જે દવા અને ઉપચારની પદ્ધતિઓ વિકસી છે તે મુજબ ઉપચાર કરવો જરૂરી છે. સામાન્ય રીતે કોરોના વાઇરસનો બોજ (load) એ ત્રણ કક્ષાનો હોય છે, સામાન્ય કક્ષા, (Normal Level) સાધારણ કે મૉડરેટ કક્ષા, (Moderate Level) અને તીવ્ર કક્ષા, (Acuity Level) જે યુવાનો મેડિકલ કે પેરા મેડિકલ ક્ષેત્રના નથી તેવા યુવાનોએ સામાન્ય અને સાધારણ કક્ષાના કોરોના વાઇરસનો બોજ ધરાવતા કોરોનાગ્રસ્ત વ્યક્તિઓ માટે કાળજી લેવાની સમજણ વધારવાના કાર્યમાં સેવાઓ આપી શકે છે.
- જે યુવાનો મેડિકલ અને પેરા મેડિકલ ક્ષેત્રમાં વ્યાવસાયિક સેવાઓ આપી રહ્યા છે તેઓ સારી રીતે પોતાની સેવા આપવાની પ્રતિબદ્ધતા સાબિત કરી શકે તેમાં મદદરૂપ બની શકાય.
- ગ્રામીણ સ્તરે આશા વર્કર, નર્સ અને અન્ય સહાયકોને મદદરૂપ બનવું.
- સામુદાયિક સ્તરે માસ્ક પહેરવા માટેની જાગૃતિ અને સમજણ વધારવી, સામુદાયિક સ્તરે માસ્ક વિતરણ, ઉકાળા વિતરણ, દવા વિતરણ, દવા

છંટકાવ કરવાનું ગોઠવી શકાય. આ માટે જરૂરી નાણાકીય ભંડોળ એકઠું કરવાની કામગીરીમાં પણ યુવાનો સહયોગ આપી શકે છે. વિવિધ પ્રકારની ચીજવસ્તુઓની કીટ બનાવવાની કામગીરીમાં સહયોગ આપી શકે છે.

- જે વ્યક્તિ કોરોનાગ્રસ્ત બન્યા છે અને દવાખાનામાં છે તેમનું પરામર્શન કાર્ય.
- ગ્રામીણ કક્ષાએ ભારતીય સમાજમાં એવા સમાચારો આવે છે કે ''કોરોના માતાજીનાં મંદિર બનાવવામાં આવ્યા છે.'' આવી ઘટનાઓ સામે યુવાનોએ પોતાના વૈજ્ઞાનિક સ્વભાવ (Scientific Temperament)નો પ્રભાવ ઊભો કરવો. જાદુઈ-ધાર્મિક ઉપચાર (magico religious medicine)ના પ્રભાવોમાંથી વૈજ્ઞાનિક ઉપચારો તરફ લોકોને દોરવા માટેનાં કાર્યો કરી શકે છે.
- કોરોના-કાળજીકેન્દ્રો (Covid care centers) ઊભાં કરવા માટેના દબાવ ઊભા કરી શકે છે.

**પુનર્વસન સેવાઓ (Rehabilitative Services)**

- પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં કાર્યરત મેડિકલ અને પેરા મેડિકલ સ્ટાફને જરૂર મદદ કરવી, કોવિડ અંગેની માર્ગદર્શિકા મુજબ તેઓ કાર્ય કરે તેમાં અવરોધક ન બનવું.
- કોરોનાગ્રસ્ત વ્યક્તિના કુટુંબને માનસિક, સામાજિક-આર્થિક ટેકો કરવામાં સહાય કરવી.
- જે વ્યક્તિ કોરોના-મુક્ત થયા તેમનું પરામર્શન કરી શકાય.
- જે લોકો કોરોનાને કારણે બેરોજગાર બન્યા છે, તેમના માટે સરકારી રોજગારીની યોજનાઓની જાણકારીનો ફેલાવો કરી શકે છે. ગ્રામીણ સ્તરે મનરેગા યોજનાનો અમલ કરાવી શકે છે.
- કોરોનાગ્રસ્ત વ્યક્તિ અને તેમના પરિવારને, કોરોનાના ડર, ભય, બીકમાંથી મુક્ત કરવા માટે મનોવૈજ્ઞાનિક પરામર્શન સુધી પહોંચાડવામાં સહયોગ આપી શકે છે.

**વિકાસલક્ષી સેવાઓ (Developmental Services)**

- જે કુટુંબમાં માતા અને પિતા બંનેનું અવસાન થયું હોય તેવાં નિરાધાર બાળકો માટે સમાજ સુરક્ષા ખાતાની યોજનાથી લાભાન્વિત કરવા માટે જરૂરી માહિતી અને પુરાવા મેળવવામાં મદદ કરવી.



- વર્તમાન સમયમાં કોરોના વિશેની જાણકારી મીડિયા મારફતે આપણા સુધી પહોંચે છે, તેવા મીડિયાને સાચું રીપોર્ટિંગ થાય તે માટે મીડિયા સંચાલન કૌશલ્ય યુવાનો કેળવી શકે છે. યુવાનો કોરોના સંદર્ભની પ્રેસનોટ, અહેવાલ, લેખ, વિચારપત્ર, આવેદનપત્ર, ઈન્ટરવ્યૂ આપવો, સામાજિક મીડિયામાં પોસ્ટ કરવું વગેરે કાર્યો કરીને પોતાની ભૂમિકા મીડિયામેન તરીકેની ભજવી શકે છે.
- યુવાનો માટે અને યુવાનો સાથે સામાજિક ક્રિયા (Social Action)ના વ્યવહારની કુશળતા વિકસાવી શકે. કોરોનામાં લોકોની ભીડ એકઠી કરી શકાય નહિ, પરંતુ દબાવ જૂથના માધ્યમથી વિવિધ સામાજિક સંચાર માધ્યમોથી અભિયાન ચલાવવા અને અભિયાનોમાં જોડાઈ શકે છે.
- કોરોનાની શિક્ષણ તંત્ર ઉપર સૌથી મોટી વિઘાતક અસર પડી છે ત્યારે યુવાનો પોતાનાથી નાની ઉંમરના કિશોર અને બાળકોના શિક્ષણ માટે માર્ગદર્શક બની શકે છે.
- વ્યાવસાયિક પરામર્શન-કેન્દ્રો સુધી પોતાના સાથી યુવા મિત્રોને લઈ જવાના કાર્યોમાં સહયોગ આપી શકે છે.
- ગ્રામીણ ક્ષેત્રમાં સંદેશાવાહન માટેનું જે તંત્ર નિષ્ક્રિય બન્યું હોય તો સક્રિય બનાવવામાં સહયોગ આપી શકાય છે, જેમ કે, ગામની અંદર વાયફાયની સુવિધા ઊભી કરાવવી, જેના કારણે બાળકોના ઑનલાઈન વર્ગશિક્ષણમાં મુશ્કેલીઓ ઊભી ન થાય.
- સામુદાયિક સ્તરે યુવાનોને માટે સ્વરોજગારીની તાલીમોના આયોજન કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારી સંસ્થાઓનો સહયોગ મેળવવામાં મદદરૂપ બની શકે છે.

**અટકાયતી, નિવારક સેવાઓ (Preventive Services)**

- કોરોના સર્વેલન્સ કરવામાં સહાયક બનવું. ગ્રામીણ સ્તરે કોરોના સંદર્ભની સાચી આંકડાકીય માહિતીનું સર્જન કરવામાં સહાયક બનવું.
- કોરોનાગ્રસ્ત વ્યક્તિને ઉપચાર મળે તેમાં મદદ કરવી, ગામમાં કોવિડ-૧૯ વૉર્ડ 'કોવિડ કેર સેન્ટર' ઊભા કરાવવા માટે કાર્યવાહી કે દબાવ ઊભો કરવો.
- 'મારું ગામ કોરોના મુક્ત ગામ' સાચા અર્થમાં અભિયાન સાબિત કરવામાં સહાયક બનવું. ગામમાં કોવિડ સમિતિના સભ્ય બનવું અને કોવિડ મુક્ત ગામ બનાવવામાં પોતાની સૂઝ-સમજણ સાથે સહાયક બનવું.

● મહાત્મા ગાંધીએ હિન્દ સ્વરાજ પુસ્તકમાં એવો ઉલ્લેખ કર્યો છે કે પ્લેગ જેવી બીમારી સફાઈ અને સ્વચ્છતાના અભાવે ફેલાય છે. કોરોના સંદર્ભમાં સામુદાયિક સ્તરે સફાઈની કામગીરીમાં યુવાનો જોડાઈ શકે છે.
● કોરોના સંદર્ભમાં જાગૃતિ લાવવી, સાચી વૈજ્ઞાનિક માહિતીનો પ્રસાર પ્રચાર કરવો,જેના માટે ગ્રામીણ સ્તરે કે વૉર્ડના સ્તરે જે સ્થાનિક સ્વરાજની સંસ્થા (પંચાયત, નગરપાલિકા) તથા અન્ય વિવિધ ઔપચારિક અને અનૌપચારિક સંસ્થાઓ (શાળા, આંગણવાડી, દૂધ મંડળી, સસ્તા અનાજની દુકાન વગેરે) સાથે રહીને વૈજ્ઞાનિક માહિતીનો પ્રસાર પ્રચાર કરી શકે છે.
● વૅક્સિનેશન અંગેની ગેરમાન્યતાઓ દૂર કરવી. અન્ય ગામ કે સમુદાય સાથે કોરોના અટકાવતા, ઉપચાર અને પુનર્વસન કાર્યોની માહિતીની આપ-લે માટેના નેટવર્ક વિકસાવવા.
● કોરોનાને કારણે અવસાન પામેલ વ્યક્તિના કુટુંબને સામાજિક અને આર્થિક ટેકો મળે તેના માટે સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે જોડાણ કરાવવું.

**સુધારણાલક્ષી સેવાનો (Correctional Services)**

● સામાજિક, ધાર્મિક મેળવડા બંધ કરાવવા, એકબીજા સાથે અંતર રાખીને કાર્ય વ્યવહાર ગોઠવવાનો આગ્રહ રખાવવા માટે દબાવ જૂથ ઊભાં કરવાં. મૃત્યુ પછીની વિધિઓ, બેસણું, પ્રેતભોજન, કારજ, બંધ કરાવવું. લગ્ન સમારંભ કે જન્મ તિથિઓની ઉજવણી મુલતવી રાખવી.
● કોરોનાના સમયગાળામાં અનેક લોકો માનસિક હતાશા, નિરાશા, ચિંતામાં સપડાયા છે અને તેના કારણે તેઓ સમાજના ધારાધોરણ મુજબનાં વર્તનો કરવાને બદલે વિઘટનયુક્ત વર્તનો તરફ જવા લાગ્યા હોય તેવું બની શકે છે. વ્યસનો કરવા, નશીલા પદાર્થોનું સેવન કરવું, હિંસક પ્રવૃત્તિઓ તરફ ધકેલાયા હોય તેવું બને શકે છે, તેવી વ્યક્તિઓને તેની નશાની લતમાંથી મુક્ત કરાવવામાં સેવાઓ આપી શકે છે.

આમ, યુવાવસ્થાની મહત્ત્વપૂર્ણ લાક્ષણિકતા માની એક લાક્ષણિકતા સાહસ કરવાની છે. આજે યુવાનોએ પોતાની શક્તિ, સૂઝ-સમજણને જાણીને સ્વવિકાસ અને અન્યના વિકાસ માટેનાં કાર્યો હાથ ધરવાનું સાહસ કરવાનું છે.

●



## ૪. પ્રવૃત્તિ સરિતા

### ૪.૧ સ્વ. હરિતભાઈ પરીખને શ્રદ્ધાંજલિ

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ, યુવક વિકાસ ટ્રસ્ટ તથા ભારતીય વસતિ શિક્ષણ સંઘના તમામ કાર્યકરો ઊંડા દુઃખની લાગણી સાથે આ ત્રણેય સંસ્થાઓ સાથે સંકળાયેલ સ્વ. હરિતભાઈ પરીખના તા. ૧૬ મે, ૨૦૨૧, રવિવારના રોજ અચાનક હૃદય બંધ પડી જવાથી થયેલ નિધનની ભારે હૈયે નોંધ લે છે તથા ભારે વિષાદની લાગણી અનુભવે છે.

આ સંસ્થાઓનાં વિવિધ કાર્યોમાં તેમણે મહત્ત્વનું યોગદાન આપ્યું. કાર્ય ઉપાડી લેવાની તેમની હોંશ, સાથી કાર્યકરોને કામ ઉકેલી આપવામાં ઉત્સાહભેર પહેલ, અંગત મુશ્કેલી સહીને સંસ્થા તથા સાથીઓ માટે ઘસાવાની તેમની કાયમી તૈયારી, સંસ્થાઓને તથા કાર્યકરોને કમ્પ્યૂટરના ઉપયોગ માટે સજ્જ કરવામાં તેમની ધગશ, સંસ્થાઓના ટ્રસ્ટીઓ તથા અન્ય મહાનુભાવો સાથે માનપૂર્વક સુમેળ જાળવવાની તેમની આવડત, દિવસ-રાત જોયા વગર સંસ્થાની જરૂરિયાત સમયે કામ માટે સદાય તત્પરતા તથા સંસ્થાના હિતને પ્રાધાન્ય આપવાનું વલણ અને એકધારી નિષ્ઠા જેવાં કેટલાય અલભ્ય લક્ષણો ધરાવતા સ્વ. હરિતભાઈ સંસ્થાઓના સહુ કાર્યકરો તેમજ સંચાલકો માટે એક go to person બની ગયા હતા. વધુમાં હસમુખ તેમજ શાંત સ્વભાવ, અંગત વડીલ જેવી સ્નેહાળ કાળજી રાખવાની રીત, જતું કરી ક્ષમા આપવાનું ઔદાર્ય વગેરે જેવા કેટલાંય ઉમદાં માનવીય મૂલ્યોના ધની તેવા તેઓ સહુ કોઈના માનીતા સ્વજન બની ગયા હતા.

તેમની આમ, અચાનક તેમજ અણધારી વિદાય સંસ્થાઓ તેમજ તેના કાર્યકરોને અતિ વસમી લાગી છે. એક એવો ખાલીપો ઊભો થયો છે, જે પુરાતાં વાર લાગવાની છે. સંસ્થાઓ તેનાં માનવ સંસાધનોથી ચાલતી તેમ જ શોભતી હોય છે. સ્વ. હરિતભાઈ આ ત્રણેય સંસ્થાઓની એક મૂલ્યવાન જંગમ મિલકત હતા, જેની પૂર્તિ થવી દુષ્કર છે.

સ્વ હરિતભાઈના અવસાને જો સંસ્થાઓના કાર્યકરોને આટલો સદમો પહોંચાડ્યો હોય તો કુટુંબીજનોની તો વાત જ શી કરવી ? તેમની પરિસ્થિતિ કેટલી દુઃખદ તેમજ દારુણ હશે તે કલ્પતાં શોકમગ્ન થવાય છે.

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ, યુવક વિકાસ ટ્રસ્ટ, ભારતીય વસતિ શિક્ષણ સંઘ તથા તેના તમામ ટ્રસ્ટીઓ સ્વ. હરિતભાઈના કાર્યપ્રદાનની પ્રશસ્તિપૂર્વક નોંધ લે છે અને તેમના અકાળ નિધનથી આઘાતની લાગણી અનુભવે છે. સાથે જ સહુ કોઈ સ્વ. હરિતભાઈના આત્માના પરમ કલ્યાણ માટે પ્રાર્થના કરે છે અને તેમના અંગત તેમજ બૃહદ કુટુંબજનોને આ કપરા દિવસોમાં આશ્વાસન અને દિલાસો આપો છે.

**— ત્રણે સંસ્થાના તમામ ટ્રસ્ટીઓ અને કાર્યકરો**

### ૪.૨ સંસ્થાના કાર્યકરોએ કરેલ વર્ક ફ્રોમ હોમ

કોરોના મહામારીનું આ સમયમાં ખૂબ વિકરાળ સ્વરૂપ આપણે જોયું. એપ્રિલ-મે મહિનો ખૂબ ખરાબ હતો. સંસ્થાની મોટાભાગની પ્રવૃત્તિઓ પર રોક લાગી ગઈ હતી. કાર્યકરો માટે સંસ્થાના કાર્યાલય સુધી આવવાનું પણ મુશ્કેલ હતું. પંદરેક દિવસ કાર્યાલય બંધ રહ્યું અને કાર્યકરોએ ઘેર બેસીને કમ્પ્યૂટર (લેપટોપ) પર કામ કર્યું. મુખ્યત્વે સંસ્થાના ડેટાને ડિજિટલાઈઝ કરવાનું કામ થયું. સંસ્થાના સ્થાપિત કાર્યક્રમોને કઈ રીતે ઑનલાઈન કરવા અને આ નવી ટૅક્નૉલૉજીને સમુદાય શિક્ષણ માટે કઈ રીતે પ્રયોજવી તે બાબતે ચર્ચાઓ થઈ. પ્રવર્તમાન અનિશ્ચિતતાઓ વચ્ચે આ વર્ષના (૨૦૨૧-૨૨) કાર્યક્રમોનું આયોજન પણ થયું. ડિજિટલ ટૅક્નૉલૉજી સંદર્ભે કાર્યકરોનું ક્ષમતાવર્ધન પણ થયું. સમુદાય શિક્ષણ માટે યોગ્ય કાર્યકર્તાઓ તૈયાર કરવાના ઉદ્દેશ્યથી સમુદાય શિક્ષણનો એક અભ્યાસક્રમ તૈયાર કરવાની કામગીરી પણ ચાલી અને લગભગ ત્રણ મિટિંગો એ સંદર્ભમાં કરવામાં આવી.

આ ત્રણ મહિના દરમિયાન રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાનમાળાનું ૨૧મું વ્યાખ્યાન ડિસેમ્બર-૨૦૨૦માં થવું જોઈતું હતું તે હજી થયું નથી. પણ ભૂતકાળમાં થયેલા સ્મૃતિ-વ્યાખ્યાનોનું ગુજરાતીમાં ભાષાંતર કરી પુસ્તકરૂપે પ્રકાશિત કરી સમાજને આપવાની કામગીરી આ સમય દરમિયાન ઠીક ઠીક આગળ ધપી છે. નવજીવન સાંપ્રત દ્વારા આ પુસ્તક પ્રકાશિત થનાર છે.

### ૪.૩ નવોદિત કવિઓની ગાંધીજી પર કવિતા

યાત્રાપથના ગત અંકમાં જણાવ્યા પ્રમાણે ભારતીય સમુદાય શિક્ષણ સંઘ દ્વારા એક ઑનલાઈન કવિ સંમેલન ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ થયું. આ સંમેલનનો હેતુ નવોદિત કવિતાઓને ગાંધીજી વિશે કાવ્યો લખવા પ્રેરવાનો હતો. લગભગ ૨૦ કવિતાઓ એમાં રજૂ થઈ હતી, જેમાંથી પાંચ કવિતા ગત



અંકમાં પ્રકાશિત કરી હતી. આ અંકમાં બીજી પાંચ કવિતાઓ પ્રકાશિત કરી રહ્યા છીએ.

### હે રામ !

છેલ્લે બોલ્યા’તા, હે રામ !
બાપુ બોલ્યા’તા, હે રામ !
ગોળીથી જ્યાં દેહ વીંધાયો, પહોંચ્યા પરમ એ ધામ !
બાપુ બોલ્યા’તા હે રામ !

ધડધડ ગોળી ફૂટતાં ફફડી ફફડી પંખી ઊડ્યાં !
ભારતવાસી હૈયાં કકળ્યાં, સાત સમંદર ડૂબ્યા !
જગનેય જાણે લાગ્યું ખૂટી સત્ય-અહિંસા હામ !
બાપુ બોલ્યા’તા હે રામ !

કોણે વીધ્યા ? કોણે પીંખ્યા ? કોને નડ્યા’તા ગાંધી !
ઘરઘર પૂછતાં ભારે હૈયે આવી અચાનક આંધી !
વસુંધરાનું વ્હાલ ગયું ને ગયું કરુણાનું કામ !
બાપુ બોલ્યા’તા હે રામ !

બુદ્ધ-મહાવીર પગલે પગલે ચાલ્યા વહાલી વાટે !
પયગંબર ને પ્રભુ ઈશુનાં કરમ લખેલ લલાટે !
ભડભડ ચિતા ઉજાસ દેતી જગને યમુનાઘાટે !
વસેલ હૈયે રામરાજ્ય ને હોઠે આવ્યું નામ !
છેલ્લે બોલ્યા’તા, હે રામ !
બાપુ બોલ્યા’તા, હે રામ !
છેલ્લે બોલ્યા’તા, હે રામ !

**ગોવિંદ દરજી**

### જો મને ગાંધી મળે....

જો મને ગાંધી મળે તો હું તેમને પૂછું.
કે વિશ્વમાં અશાંતિ વ્યાપી છે બાપુ.
કે વિશ્વમાં કોરોના વ્યાપ્યો છે બાપુ.
જો મને ગાંધી....

આજે જગતનો તાત છે હેરા...
આજે જગનો તાત છે બેહાલ...
આજે મજદૂર છે લાચાર...
આજે નોકર છે લાચાર...
જો મને ગાંધી...

બાપુ તમો ફરીથી આવો, ઉગારો...
આ વિશ્વને બરબાદીથી ઉગારો...
આ વિશ્વને સત્ય, અહિંસા, શાંતિ બક્ષો
જો મને ગાંધી...

**કૌશિકકુમાર પ્રજાપતિ**

## પંચધાતુ

ગાંધીએ અપનાવેલ પંચધાતુ,
એ જ ગાંધી જીવન સંદેશ છે.
બાપુનાં ચશ્માં બતાવે છે,
હંમેશાં સારું અને સાચું જોવું.
મોહનની લાકડી કહે છે,
હંમેશાં બીજાનો આધાર બનવું.
મહાત્માની ઘડિયાળ બોલે છે,
હંમેશાં સમયની સાથે ચાલવું.
રાષ્ટ્રપિતાની ધોતી સૂચવે છે,
હંમેશાં જરૂરિયાત પૂરતું વાપરવું.
ગાંધીનાં ચપ્પલ સમજાવે છે,
હંમેશાં બીજા માટે ઘસાવું.

**જીતુ નાયક**

## એ બાપુના કાગળને

એ બાપુના કાગળને કાગળમાં છે બાપુ,
જીવન થકી સંદેશો આપે એ ગાંધીબાપુ (૨)



રાષ્ટ્રપિતાને મહાત્માની પદવી મળી મોડી,
મોડું થયું સમજવામાં તમને એ ગાંધીબાપુ (૨)
સત્ય, અહિંસા ને સ્વચ્છતાના છે પૂજારી,
સાથે દારૂબંધી દેશમાં કરાવે એ ગાંધીબાપુ (૨)
મનમાં છે દઢતા ને સાદાઈનો વેશ ધરીને,
નિષ્ઠા ને નીડરતાના ગુણી એવા ગાંધીબાપુ (૨)
ગરીબોના બેલી ને ભારત દેશના ઉદ્ધારક
આખી દુનિયામાં પ્રભાવ પાડે એ ગાંધીબાપુ (૨)
હરિશ્ચંદ્ર નાટક જોઈ સત્યના પાઠ શીખ્યાં,
તેને જ શસ્ત્ર બનાવી લડ્યા એ ગાંધીબાપુ (૨)
'અહિંસા પરમો ધર્મ' સૂત્રથી દેશ થયો આઝાદ,
આજે આઝાદી વ્યાપી કણકણમાં ગાંધીબાપુ (૨)
દેશમાં સુરાજ્ય ને સુશાસન લાવ્યા ગાંધીબાપુ,
ગુલામની જંજીરોથી છોડાવે એ ગાંધીબાપુ (૨)
સામાજિક સમરસતા ને સમતાના આદર્શ,
આચરણમાં લાવે એવા આદર્શ એ ગાંધીબાપુ (૨)

**મનોજકુમાર પંચાલ 'મન'**

## ગાંધી જીવે છે

એક સવારે દુનિયા આખી જોતી રહી
ને બાપુ... નીકળી પડ્યા ટેક લઈને
કદાચ આ રીતે દાંડી માર્ગ
અને ભારત જાગ્રત બને, એક બને,
અને એ ચપટી મીઠાની મીઠાશ
અંગ્રેજોને ભારત છોડવાની ફરજ પાડે...
આ હાડપિંજર જેવો મહામાનવ, અહીંથી ગુજર્યો હશે,
ગાજ્યો ને ધબક્યો હશે...
કદાચ એટલે જ...

આ ધરતીમાની રજ રજમાં એમનું ઋણ આજેય ઊડે છે...
આખા વિશ્વમાં... અને એટલે
આજેય ગાંધી જીવે છે...

**મહેન્દ્રકુમાર પરમાર 'ફોરમ'**

## ૪.૪ વ્યસનમુક્તિ કાર્યક્રમ

સંસ્થા દ્વારા આયોજિત વ્યસનમુક્તિ કાર્યક્રમમાં તા ૦૯-૦૭-૨૧ના રોજ અમદાવાદના પરીક્ષિતનગર, ઉસ્માનપુરા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વ્યસનને લગતાં પોસ્ટર લગાવવામાં આવ્યાં હતાં. આ વિસ્તારમાં દારૂ, તમાકુ-ગુટખા, સિગારેટ-બીડી જેવાનું વ્યસન વધુ પ્રમાણમાં હોવાથી તેને કેવી રીતે છોડી શકાય એ માટે ચિત્રો અને સુવાક્યો દર્શાવતા પોસ્ટર લગાવવામાં આવ્યાં હતાં. વ્યસન કરવાથી શું શું નુકસાન થાય તેમજ વ્યસનથી બચવા કયા કયા ઉપાયો કરી શકાય તે દર્શાવતાં પોસ્ટરો લગાવ્યાં. ઝૂંપડપટ્ટી વિસ્તાર ઉપરાંત જ્યાં લોકોની અવર-જવર વધુ હોય એવાં વૃક્ષની દીવાલો પર તેમજ સ્કૂલોની દીવાલો પર પણ પોસ્ટર લગાવ્યાં, જેથી તમામ લોકો જોઈ શકે અને વ્યસનોથી થતા નુકસાનને યાદ રાખી શકે.

આ તમામ પોસ્ટરો નશાબંધી વિભાગ, અમદાવાદ તેમજ ગુજરાત કેન્સર સિવિલ હૉસ્પિટલમાંથી મેળવવામાં આવ્યાં હતાં.

●

"The message of spinning wheel is much wider than its circumference. The message is one of simplicity, service of manking living so as not to hurt others, creating a new and strong bond between rich & poor capital and labour, a prince and the peasant."

– Selected works of Mahatma Gandhi, Vol. VI

●

"Human beings are not one dimensional, they are multi dimensional. He is not a money making machine."

●

The cause of poverty is not poor people, it is the system.

– Mohammad Yunus.



# ૫. સમુદાય શિક્ષણમાં અવનવું

## ૫.૧ શિક્ષણથી લિંગસમાનતા તરફ...

૨૫ વર્ષ પહેલાં બેજિંગ પ્લૅટફૉર્મ પર નક્કી થયા બાદ શિક્ષણે લિંગ સમાનતા હાંસલ કરવામાં શું ફાળો આપ્યો એનો જવાબ આવો અનેક વિભૂતિઓના સંઘર્ષ અને પ્રયાસોમાં રહ્યો છે. ગ્રામીણ કેન્યાની મેરી ઓટીએનોની આ વાત છે. એના ગામની એ પહેલી મહિલા હતી, જે યુનિવર્સિટીમાંથી સ્નાતક થઈ. ગામમાં એના પિતાની દરજીની દુકાન હતી. ૬ જણનું કુટુંબ. બાપુજી પાસે ફીના પૈસા ભેગા થાય ન થાય એમ ચાલતું હતું. રોજ ચાર કિલોમીટર ચાલીને પ્રાથમિક શાળામાં જવાનું પણ દાદીની સતત પ્રેરણાથી એણે સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો. આ સફળતાએ એના અને સમગ્ર પરિવારના જીવનને બદલી કાઢ્યું. મેરીએ સ્નાતકથી આગળ વધી પીએચ.ડી. સુધી અભ્યાસ કર્યો. એનું જોઈને અને એની પ્રેરણાથી અનેક યુવાનો-યુવતીઓ જેમણે અભ્યાસ છોડી દીધો હતો તે ફરી શાળાઓમાં દાખલ થયા. એમના સમાજમાં ઘણા મહિલા શિક્ષણને પ્રોત્સાહન આપતા થયા. મેરીએ મેરોબીમાં સિપ્રોસાના નામે શાળા શરૂ કરી છે. આમા નાની ઉંમરથી તે લિંગસમાનતાનું શિક્ષણ આપે છે, જેથી સક્ષમ મહિલાઓ માટે પૂરતો અવકાશ આપવામાં પુરુષો મદદરૂપ થાય.

## ૫.૨ આંતરરાષ્ટ્રીય સેમિનાર

બોડોલૅન્ડ યુનિવર્સિટી અંગ્રેજી વિભાગે ૨૧મી સદીના પરિપ્રેક્ષ્યમાં ''પર્યાવરણીય શિસ્ત'' વિષય પર તા. ૯-૧૧ ફેબ્રુઆરી-૨૦૨૨માં ઑનલાઈન આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કર્યું છે.

આ અંગે સંપૂર્ણ પેપર આપવાની છેલ્લી તારીખ ૩૦ નવેમ્બર-૨૦૨૧ અથવા તે પહેલાં છે.

આ સેમિનારમાં ૧૩ પેટા-વિષયો પર સમગ્ર ભારતમાંથી ચુનંદા વક્તાઓને આમંત્રણ આપવામાં આવશે.

૧. કલા, સાહિત્ય, પરફૉર્મન્સ માધ્યમો અને પર્યાવરણ
૨. પર્યાવરણીય માનવતા-વિકાસનાં ક્ષેત્રો
૩. આદિવાસીઓ અને પર્યાવરણ
૪. કુદરત, લોક સાંસ્કૃતિ અને સાહિત્ય

૫. પર્યાવરણ અને માનવ આંતર સંબંધો

૬. પર્યાવરણને લગતા મુદ્દાઓની ગુણવત્તા અને ડિઝાઈન

૭. પર્યાવરણીય કાયદા અને તપાસની કાર્યપદ્ધતિ

૮. પર્યાવરણીય મુદ્દાઓ અને અભ્યાસનાં નવાં ક્ષેત્રો

૯. પ્રવર્તમાન પર્યાવરણવાદ અને સ્થિતિ-વિજ્ઞાન આધારિત ઉકેલો

૧૦. ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આયોજન

૧૧. પર્યાવરણીય પ્રશ્નો માટેની નીતિઓ

૧૨. ઈકૉલૉજિકલ રેશનાલિટીનું રાજકારણ

૧૩. નદીઓ, પહાડો અને પર્વતો

સ્થળ : કોકરાઝાર, આસામ,

વેબસાઈટ : https://internationalseminarbodolanduniversity.in/environment-seminar%2C-2022

સંપર્ક વ્યક્તિ : દેબજ્યોતિ બિશ્વાસ

૧૫ સપ્ટેમ્બર ૨૦૨૧ પહેલાં - ૨૫૦ શબ્દનો એબ્સ્ટ્રેક્ટ bodolanduniversity@gmail.com પર મોકલવા જરૂરી છે.

●

થોડી વસ્તુઓથી સંતુષ્ટ રહેવું, વૈભવને બદલે કલાત્મકતા તરફ નજર રાખવી અને ફેશનને બદલે સુંદરતા-સુઘડતા પસંદ કરવી, સન્માનનીય થવા કરતાં કે સન્માન ઝંખવા કરતાં સન્માનને પાત્ર બનવું, સંપત્તિવાન નહીં પણ સમૃદ્ધ બનવું, સખત પરિશ્રમ કરવો, ઊંડો અભ્યાસ કરવો, શાંત ચિત્તે વિચાર કરવો, મૃદુ રીતે વાત કરવી, નિખાલસપણે વર્તવું, તારાઓ, પંખીઓ, બાળકો અને સાધુજનોનાં હૃદયગાન ખુલ્લા દિલથી સાંભળવાં, બધું આનંદથી ખમી લેવું, હિંમતથી કાર્ય કરવું, અવસરની રાહ જોવી, ઉતાવળ કદી કરવી નહીં - ટૂંકમાં સામાન્યતામાં અણકહી અને અભાનપણે રહેલી આધ્યાત્મિકતાને પ્રગટવા દેવી - આ મારી જીવભાવના છે.

**- વિલિયમ હેનરી ચેનિંગ**



## ૬. પુસ્તક પરિચય

### ગાંધી-લિખિત ચરિત્રો

પ્રકાશક : ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ,
ફોન : ૪૦૦૧૬૨૦૦

મુદ્રક : વિવેક જિતેન્દ્ર દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦૦૧૪

પ્રાપ્તિસ્થાન : પુસ્તક ભંડાર, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪
ફોન : ૪૦૦૧૬૨૬૯

ગાંધીલિખિત સાહિત્ય પર અઢળક કામ થયું છે. ગાંધીજીએ લખેલાં અનેક લખાણોમાં કેટલાક મહાનુભાવોના ચરિત્રોનો પણ સમાવેશ થાય છે. આ બધાં ચરિત્રો આફ્રિકાના નિવાસ દરમિયાન અને ત્યારબાદ ભારત આવ્યા પછી લખેલ છે. ગાંધીજી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠે એના શતાબ્દી મહોત્સવ નિમિત્તે લગભગ ચાળીસ મહાનુભાવો વિશે લખાયેલા ચરિત્ર એકત્ર કરી પ્રકાશિત કર્યાં છે. જે ચાળીસ ચરિત્રોનો આ પુસ્તકમાં સમાવેશ થાય છે, તેમાં દેશના પણ છે અને વિદેશના પણ છે. આ પુસ્તક દ્વારા ગાંધીજીને કેવા કેવા લોકોએ આકર્ષ્યા હતા એ જોવાનું ખૂબ રસપ્રદ છે.

ગોપાલકૃષ્ણ ગોખલે, લોકમાન્ય તિલક, લાલા લજપતરાય, દાદા નવરોજજી, ફિરોજશાહ મહેતા, ચિત્તરંજન દાસ જેવા ગાંધીજીના સમકાલીનો રાયચંદભાઈ, ઈમામ સાહેબ વગેરેનો સમાવેશ થાય છે. એવી જ રીતે દેશ બહારના લોકોમાં બુકર ટી. વોશિંગ્ટન, અબ્રાહમ લિંકન, ટૉલસ્ટૉય, સર ટોમસ મનરો, ફ્લોરેન્સ નાઈટિંગલ જેવાં ચરિત્રોનો સમાવેશ થાય છે. તેમની શક્તિ - ચારિત્ર્ય માટે ગાંધીજીએ ખૂબ આદર દર્શાવ્યો છે. આ બધાં ચરિત્રોમાં સુજ્ઞ વાચકને ગાંધીજીને ક્યા ગુણોએ આકર્ષ્યા એ જાણવામાં રસ પડે છે. ગોખલે સ્વભાવે ઉદાર હતા. વિરોધીઓને પણ એમનાથી ખોટું લાગતું નહીં. લાલા લજપતરાય કે જે સ્વદેશ પ્રેમને સ્વધર્મ માનતા હતા અને સ્વદેશી આંદોલનના પ્રખર હિમાયતી પણ હતા. તેઓ કરોડોના હૃદયના રાજા હતા.

ચિત્તરંજન દાસ ગરીબો પ્રત્યે ખૂબ પ્રેમ રાખતા. એમના કેસ મફત લડતા. તે સ્વધર્મી અને રાષ્ટ્રપ્રેમી હતા. ઈંગ્લૅન્ડના પ્રથમ હિન્દી સાંસદ અને બ્રિટિશ તાબાના હિંદનું વાસ્તવિક ચિત્ર આલેખનાર દાદા નવરોજજીને ઋષિતુલ્ય ગણ્યા છે. એમની પાસેથી તેઓ પિતા જેવો પ્રેમ પામ્યા હતા. ગરીબીનો પહેલો પરિચય ગાંધીજીને એમના પુસ્તકમાંથી થયો હતો. બાલગંગાધર તિલક જે સ્વરાજ અને આઝાદીની લડતના હિમાયતી અને લોકશાહીના ઉપાસક હતા. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર કેળવણીકાર અને સમાજ સુધારક કે જેમને વિધવા વિવાહ માટે પોતાના પુત્રના વિવાહ વિધવા સાથે કરાવી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. રાજા સર ટી. માધવરાવ જે એક કુશળ વહીવટકર્તા હતા. વાસંતીદેવી જેમણે સહધર્મચારિણીનો ધર્મ અને સમાજ સેવા સુંદર રીતે નિભાવ્યા હતા. સુશીલ રુદ્ર જેમણે નોકરશાહી હટાવવા જાહેરમાં લડત આપી. તે ખ્રિસ્તી હોવા છતાં હિન્દુ અને ઈસ્લામ ધર્મને માન આપતા. મગનલાલ ગાંધી જેમને જીવનના નિયમ તરીકે બ્રહ્મચર્ય, સત્યની શોધમાં આચારનું સૌંદર્ય તેની આવશ્યકતા સમજનાર અને એને અમલમાં મુકનાર આ પ્રથમ પુરુષ હતા. નારાયણ હેમચંદ્ર તેમને અંગ્રેજી ભાષા નહોતી આવડતી છતાં ભાષાઓ જાણવાનો લોભ અપાર હતો. રાયચંદભાઈ (રાજચંદ્ર) જે શુદ્ધ જ્ઞાની અને આત્મઓળખ માટે એ આજીવન મથ્યા હતા. અલ્લુરી શ્રીરામ રાજુ તે એક સાચા દેશભક્ત હતા. તેમની વીરતા, આત્મત્યાગ, જીવનની સાદગીને ગાંધીજીએ પ્રમાણી હતી. તેમણે ગીતાનો અભ્યાસ કર્યો હતો અને સ્વધર્મને સમજ્યા હતા. સોરાબજી શાપુરજી અડાજણીયા સૌથી લાંબી જેલ ભોગવનાર સત્યાગ્રહી હતા. તેમની સલાહમાં ગાંધીજીને વિવેક, ઉદારતા, શાંતિ જોવા મળ્યા હતા.

શ્રી ઉમર સોબનીનોને ગાંધીજીએ એક મહાન દેશભક્ત તરીકે ઓળખ્યા છે અને એમની નિર્ણય શક્તિથી પ્રભાવિત થયા છે. ઈમામ સાહેબ તેઓ મક્કમ સત્યાગ્રહી, ગાંધીજીના આજીવન સાથી અને મિત્ર પણ હતા. નિરક્ષર હોવા છતાં એમને પોતાની બુદ્ધિ પર અતૂટ વિશ્વાસ હતો. મરહૂમ હકીમ સાહેબ કે જેઓ હિન્દુ-મુસલમાન ઐક્ય માટે પ્રાણરૂપ હતા અને જામિયા મિલિયા ઈસ્લામિયા વિદ્યાપીઠના સ્થાપક હતા.

આ પુસ્તકમાં વિદેશના ઘણા મહાનુભાવોના ચરિત્ર પણ છે, જેમાં વિશ્વ વિખ્યાત બુકર ટી. વોશિંગ્ટન, અબ્રાહમ લિંકન, કાઉન્ટ ટોલ્સટોય, જ્યોર્જ



વોશિંગ્ટન, સન હેનરી લોરેન્સ, હોરેશિયો નેલ્સન જે એક ઉમદા અને પ્રભુપ્રેમી શ્રદ્ધાવંત હતા, વગેરે પાત્રોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ગરીબો માટે સહાનુભૂતિ રાખનાર સર ટોમસ મનરો જે લોર્ડ મેડકાફ જેમણે રૈયતના દુઃખની દાઝ દિલમાં રાખી હતી. દાક્તર બરનાર્ડો અનાથ બાળકોને છાત્રાલય આપનાર અને પોતે ગરીબ હોવા છતાં મા-બાપ વગરના બાળકોને ઉછેર્યા તેથી તેમને લોકસેવાનો સ્તંભ માનવામાં આવ્યા. મોનસ્ટુઅર્ટ એલફિન્સ્ટન બોમ્બેના ગવર્નર, કુશળ રાજનીતિજ્ઞ અને ઈતિહાસકાર હતા. તેઓ અત્યંત લોકપ્રિય ગવર્નર હતા. મિસ શ્લેશીન સત્યનિષ્ઠ સેવિકા પવિત્ર, વફાદાર અને નીતિવાન હતા. એમિલી હોબ હાઉસ જે આજીવન જનકલ્યાણ માટે મથ્યા, જોસેફ ડોક જેમનું શરીર દુર્બળ હતું પણ મન વજ્ર જેવું અને દીન-દલિતોના મિત્ર હતા.

આ ચરિત્રો ગાંધીજીના અક્ષર દેહમાં કેટલી તાકાત છે, તેનો પુરાવો છે તેમ કહી શકાય.

એમનાં જીવન અને ગુણોનો પડઘો ક્યાંકને ક્યાંક ગાંધીજીમાં, ગાંધી વિચારમાં દેખાય છે. આ પુસ્તક એકી બેઠકે વાંચી શકાય એવું છે.

●

માણસ મોટાભાગે એ બની જાય છે જે થવામાં એ વિશ્વાસ કરતો હોય. જો હું સ્વયંને એમ કહું કે હું ફલાણી ચીજ નથી કરી શકતો તો એ સંભવ છે કે કદાચ સાચે જ હું એ કરવામાં અસમર્થ થઈ જઉં. આની વિરુદ્ધ જો હું વિશ્વાસ રાખું કે હું આ કરી શકીશ, તો હું નિશ્ચિત રૂપથી એ કરવાની ક્ષમતા મેળવી લઈશ, ભલે શરૂઆતમાં મારી પાસે એ કાર્ય કરવાની ક્ષમતા ન હોય.

**– મહાત્મા ગાંધીજી**

●

આપણે કોઈ દેશ-વિશેષના અભિમાની નથી, કોઈ ધર્મ-વિશેષના આગ્રહી નથી. કોઈ સંપ્રદાય કે જાતિ-વિશેષમાં બંધાયેલા નથી. વિશ્વમાં ઉપલબ્ધ સદ્‌વિચારોના ઉદ્યાનમાં વિહાર કરવો એ આપણો સ્વાધ્યાય. સદ્‌વિચારોને આત્મસાત્ કરવા એ આપણો ધર્મ. વિવિધ વિશેષતાઓમાં સામંજસ્ય સાધવું, વિશ્વવૃત્તિનો વિકાસ કરવો એ આપણી વૈચારિક સાધના.

**– વિનોબા**

## ૭. આગામી કાર્યક્રમો

### ૭.૧ ધ્વજવંદન

૧૫ ઑગસ્ટ, ૨૦૨૧ના રોજ ભારતીય સમુદાય શિક્ષણ સંઘે પોતાના પ્રાંગણમાં ધ્વજવંદનનું આયોજન કર્યું છે. ધ્વજવંદનનો સમય છે સવારે ૮.૩૦ કલાકે. માસ્ક પહેરી વ્યક્તિગત ધોરણે આવવાનું સૌ નાગરિકોને આમંત્રણ છે.

### ૭.૨ સ્વતંત્રતાની લડતના જ્ઞાનને ચકાસીએ

કહેવાય છે કે જે દેશ પોતાનો ઈતિહાસ નથી જાણતો તેમને માટે ઈતિહાસનું પુનરાવર્તન થાય છે. દરેક યુવાન માટે સ્વતંત્રતાનો ઈતિહાસ જાણવો જરૂરી છે.

આ જરૂરિયાતના સંદર્ભે સંસ્થાએ ઑનલાઇન ક્વિઝનું આયોજન આગામી ૧૫મી ઑગસ્ટે કરેલ છે. આ ક્વિઝમાં ૫૦ સવાલો હશે. તમે કેટલા સવાલોના સાચા જવાબ આપી શકો છો તે ચકાસો. તમને મોકલાયેલ લિંક પર ક્લિક કરી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ૧૨મી ઑગસ્ટે સવારે ૧૧ વાગ્યે રજિસ્ટ્રેશન બંધ થશે. આ ક્વિઝના સવાલોવાળી પ્રશ્નાવલિ ૧૪ ઑગસ્ટે સવારે ૧૦ વાગ્યે ખુલશે અને ૧૫મી સાંજે ૫ : ૦૦ વાગ્યે બંધ થશે. દરેક એક જ વખત રજિસ્ટ્રેશન કરી શકશે.

### ૭.૩ ધોરણ ૧૦-૧૨ માટે જાહેર કરાયેલ માસ પ્રમોશન બાબતે વિદ્યાર્થીઓના પ્રતિભાવો

હમણાં જ તારીખ ૧૩ મે અને ૧૪ જૂનના રોજ ધોરણ ૧૦ અને ૧૨માં પરીક્ષા ન લેવાનો અને માસ પ્રમોશન આપવાનો નિર્ણય લીધો છે. આનાથી ઘણા વિદ્યાર્થીઓ અને એમના વાલીઓ નારાજ છે / મૂંઝવણમાં છે, જ્યારે કેટલાક એને વાજબી ગણાવી રાજી છે. વિદ્યાર્થીઓના મનમાં અનેક સવાલો છે. કઈ લાઇન પસંદ કરવી, કઈ શાળા-કૉલેજમાં જવું, આગળ ભણવું કે ન ભણવું. આ બધા જવાબ એણે શોધવાના છે અને આવા મૂંઝાયેલા આદિવાસી વિદ્યાર્થીઓના મનમાં શું છે તે સમજવા ૧૦૦ એક આવા મા-બાપનો નાનકડો સર્વે કરવાનું નક્કી કર્યું છે, જેનાં પરિણામ આવતા અંકમાં પ્રસિદ્ધ થશે.

This planet, our home is demanding that we see her as a living earth.

– John Perkins



(...અનુસંધાન પૃ.૨નું ચાલુ)

બીજી ચર્ચા જે હંમેશાં થતી રહે છે તે સંપત્તિની વહેંચણીની આ વાત હવે ઘણા લોકો માનતા થયા છે. સંપત્તિનું સર્જન કેવી રીતે થાય છે એ જોઈને એને છેલ્લાં ૨૦૦-૨૫૦ વર્ષથી આપણે માનીએ છીએ કે મુક્ત બજાર સંપત્તિની ન્યાયી અને કાર્યક્ષમ વહેંચણી કરે છે, પણ જો એવું જ હોય તો અબજોપતિઓની બધી સંપત્તિ વધ્યા કરે એ કેવી વહેંચણી ! આંતરરાષ્ટ્રીય સ્તરે મુક્ત બજાર વિશે ફેરવિચારણાનો સમય પાકી ગયો છે. એને સારી સંપત્તિ અને ખરાબ સંપત્તિમાં વહેંચે છે. મોટા ભાગના દેશોમાં ખરાબ સંપત્તિમાં વધારો થતો જાય છે. સારી સંપત્તિ એટલે ટેક્નૉલૉજી અને manufacturingમાંથી મળેલ સંપત્તિ અને ખરાબ સંપત્તિ એટલે બાંધકામ, ઊર્જા, કસીનો, જુગારખાના, ખનીજો અને સેવાના ક્ષેત્રોમાંથી ઊભી થયેલી સંપત્તિ. Forbesએ આ વર્ષના અબજોપતિમાંથી કેટલાકની મુલાકાત લીધી અને સંપત્તિની અસમાનતા બાબતે એમનું શું કહેવું છે તે પૂછ્યું. મોટા ભાગનાને અસમાનતાની ખાઈ જે રીતે ઊંડી થતી જાય છે એની ચિંતા છે. માર્ક બેનીઓફ કહે છે, "Capitalism, I acknowledge, has been good to me... But Capitalism as parched in recent decades with its obsession on maximizing profit for shareholders has led to 'horrifying inequity" એમણે અમેરિકન લોકોને ચેતવણી આપી કે જો અમેરિકા નહિ બદલાય તો ગરીબ અને તવંગર વચ્ચે યુદ્ધ ફાટી નીકળશે. માર્ક ક્યુબન મૂડીવાદ અને બજારની તરફેણ કરે છે છતાં કહે છે કે "I do think, some of the wealth that can be accumulated is unreasonable."

માર્ક ક્યુબન કહે છે કે ધનિકોની નજર ન પડે તો મૂડીવાદ ખરાબ નથી. વોરેન બફેટ મૂડીવાદને સમર્થન આપે છે અને દાન પર ભાર મૂકે છે. એ કહે છે આપણે આપણાથી ઓછી આવકવાળા લોકોની સંભાળ લેવી જોઈએ પણ બજારોને આપણે તરછોડી શકાય નહીં. બિલગેટ્સ સંપત્તિ પર ટૅક્સ લગાવવાની વાત કરે છે. રે ડોલીઓ કહે છે કે trickledown theory, જેના આધાર પર આજ સુધી આપણે અસમાનતાને સ્વીકારતા આવ્યા છીએ, તે કામ કરતી નથી. બીજા અબજોપતિ પણ વત્તાઓછા અંશે આ જ વાત કરે છે. સંપત્તિ વધે તો ઓછીવત્તો ફાયદો બધાને થાય એવી એમની માન્યતા છે. એ લોકો કહે છે આ સંપત્તિનો મોટો ભાગ સરકાર કર નાખીને લઈ શકે છે અને અસમાનતા ઘટાડવા માટે વાપરી શકે. પણ આજ સુધીનો અનુભવ કહે છે કે મોટા ભાગની સરકારો આ ટૅક્સ નાખવામાં નિષ્ફળ જાય છે. આજે અબજોપતિની સંપત્તિમાંથી કુલ ટૅક્સના ભાગ ૪ ટકા જેટલી જ રકમ આવે છે. ઇંગ્લેન્ડ જેવા દેશમાં પણ ધનિક ૧૦ ટકા લોકો, ગરીબ ૧૦ ટકા લોકો કરતાં ઓછો ટૅક્સ ભરે છે. લગભગ ૭.૬ ટ્રિલિયન ડૉલર જેટલી સંપત્તિ પર તો કર જ નથી. ધનિકોને

ટેક્સ કરવાની વાતના ઘણા રાજકીય, સામાજિક પ્રશ્નો પણ છે. એટલે આ ધનિકો સૌથી વધારે દાન આપે એ માટે પણ પ્રયાસો થઈ રહ્યા છે. બિલગેટ્સ એમનાં પત્ની અને વોરેન બફેટે એક ચેરિટેબલ ટ્રસ્ટ ઊભું કર્યું છે, જેમાં મોટાભાગના અબજોપતિ પોતાની સંપત્તિમાંથી ૫૦ ટકા દાનમાં આપવાની ખાતરી આપે છે. આવું દાન ૬૦૦ બિલિયન ડૉલર્સનું છે. (૨૦૧૧ પ્રમાણે) ૧ ટ્રિલિયન કરતાં પણ ઓછું આ દાન ક્યારે અસમાનતાને ઘટાડશે એ સવાલનો જવાબ કોઈ પાસે નથી.

મૂળ વાત સંપત્તિ સર્જવી અને અસમાનતા દૂર કરવી બે સરખું નથી એ સમજવાની છે. કોઈ ધનિક થાય છે એટલે બીજાના ભાગનું ઝૂંટવે છે એવું નથી. એમ માનીએ તો પણ આખી વ્યવસ્થા ગરીબ, ઓછી આવકવાળાની વિરુદ્ધ છે. મોટા ભાગની સંપત્તિ રુચિર શર્મા કહે છે તેમ બૅંકો દ્વારા છૂટથી અપાયેલ નાણાને આભારી છે. જે વ્યવસ્થાથી અબજોપતિઓ સર્જાય એ જ વ્યવસ્થા ગરીબોને પણ સંપત્તિ આપે એ શક્ય લાગતું નથી. મહામારી પાછળ પણ જે ખર્ચ થયો એણે મોટા લોકોની સંપત્તિમાં જ વધારો કર્યો છે અને ગરીબો માટે કંઈ લખવા જેવું રાખ્યું નથી.

ગાંધીજીની વાત માનીએ કે ન માનીએ પણ હકીકત એ છે કે જો આવકની અસમાનતાની ખાઈ પૂરવી છે તો એને મૂળમાંથી ઊભી થતી રોકવી જોઈએ. ગાંધીજીની સાધ્ય અને સાધનની વાત ચર્ચામાં છે એટલી જ ચર્ચા બધાનો સમાવેશ થાય એવા અને માનવમૂલ્યો આધારિત અર્થતંત્ર કઈ રીતે ઊભા કરવા છે. જ્હોન પરકિન્સ (કૉર્પોરેટ જગતના પ્રતિનિધિ) ન્યૂયોર્ક ટાઈમ્સની બેસ્ટ સેલર 'The new confessions of an economic hitman"માં કઈ રીતે વિકાસની આખી પ્રક્રિયા ગરીબ દેશોની વિરુદ્ધ કામ કરે છે તે ખૂબ સુંદર રીતે સમજાય છે. કૉર્પોરેટાઇઝેશન અને કોઈ કેપિટાલિઝમ કઈ રીતે ગરીબ દેશો અને ગરીબ લોકોનું શોષણ કરે છે એની વિગતે ચર્ચા છે. આપણે આવકની અસમાનતાને લઈને death economy તરફ જઈ રહ્યા છીએ. આપણે બદલવું પડશે. આપણે life economy તરફ જવું પડશે. એ કહે છે કે We have the opportunity to dream a new dream, to explore options for exciting ways of living, turning failure into success, for building systems that are ognanic, are locally based and at the same time interweave the fabric of our global economy. આપણે દરેકને માટે ચાલે તેવું અર્થતંત્ર જોઈએ છે. આ સ્વપ્ન માત્ર અંતિમ સાધ્યનું નથી. આમાં આ પથ પરના દરેક પગલાનો સમાવેશ થાય છે અને આખરે કહે છે જાત, અન્ય વ્યક્તિ અને સમષ્ટિ સાથેના પ્રેમ પર અર્થતંત્ર ઊભું થાય, અબજોપતિની સંપત્તિ પર નહીં. આ વાત ઘણાં લોકો સમજે છે, પણ Comfort Zoneમાંથી બહાર નીકળવાની હિંમત હજી બહાર આવી નથી.

**– મંદા પરીખ**



## વાચકોને વિનંતી

૧. સમુદાય શિક્ષણના ક્ષેત્રે આવી રહેલ જ્ઞાનયુગને ધ્યાનમાં રાખી અનેકવિધ નવતર પ્રયોગો અને કાર્યક્રમો કરતી આ સંસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આપનો સહકાર અમૂલ્ય છે. જો આપ આ સંસ્થાના સભ્ય ન હો તો **વ્યક્તિગત આજીવન** સભ્ય ફી રૂ. ૧,૦૦૦/-, **સંસ્થા** અથવા **યુનિવર્સિટી** માટેની સભ્ય ફી રૂ. ૨,૫૦૦/- સંસ્થાના સરનામે તાત્કાલિક મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત સંસ્થા વિશેની કોઈ પણ માહિતીની જો આવશ્યકતા હોય તો અમારો સંપર્ક કરશો.

૨. જો આપ આ સંસ્થાના આજીવન સભ્ય હો તો આપના વિશેની સંપૂર્ણ માહિતી (BIO-DATA) અમને મોકલી આપવા વિનંતી. એટલે અનુકૂળતાએ સંસ્થાના મુખપત્ર **'યાત્રાપથ'**માં આપનો પરિચય સમાવી શકાય.

૩. દર ત્રણ મહિને પ્રકાશિત થતા 'યાત્રાપથ'ના માધ્યમ દ્વારા સમુદાય શિક્ષણ સાથે આપને જોડવાનો અમારો નાનકડો પ્રયાસ છે. **'યાત્રાપથ'નું વાર્ષિક લવાજમ** માત્ર રૂ. ૫૦/- છે. જો આપ આ મોકલી આપશો તો આપના આભારી થઈશું.

૪. **'યાત્રાપથ'** વિશે આપના **પ્રતિભાવો** પણ અમને જરૂરથી લખી મોકલશો.

-તંત્રી

યાત્રાપથ-ગુજરાતી (ત્રિમાસિક) Registered under RNI No. GUJGUJ/2007/23007
Published on 15th of January, April, July and October, Posted at Ah'd P.S.O. Office

Printed and Published by : Mayank Chandrakantbhai Upadhyay on behalf of 'Indian Society For Community Education. Printed at : Arth Computer, 203, Maurya Complex, Opp. C.U.Shah College, Income Tax, Ashram Road, Ahmedabad-380014 Published at Ahmedabad.

Editor : Manda Parikh

वार्षिक लवाजम रू. ५०/-
प्रति नकल : रू. १५/-

Year : 14 Issue No. 3
April - June - 2021

**YATRAPATH**
**INDIAN SOCIETY FOR COMMUNITY EDUCATION**
OFF ASHRAM ROAD,
NAVJIVAN PRESS ROAD,
AHMEDABAD-380014